# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. 07-10-2022**

રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષનો તિરંગો ખેસ પહેરી જોડાયેલા નેતા-આગેવાનોને આવકારકર્તા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, પૂર્વ પ્રમુખશ્રી સિદ્ધાર્થ પટેલ, શ્રી અમિતભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં માત્ર ધુમાડો છોડતી ભાજપની ડબલ એન્જીન સરકારની અણઘડ નીતિઓથી ધંધા-રોજગાર પડી ભાગ્યા છે. મંદી-મોંઘવારી-બેરોજગારીથી ગુજરાતના લોકો ત્રસ્ત બન્યા છે.ગુજરાતમાં આવનાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ 125થી વધુ સીટો સાથે લોકોની સરકાર બનવા જઇ રહી છે ત્યારે વડોદરાનાં સાવલી વિસ્તારના ક્ષત્રિય નેતા અને સહકારી આગેવાનશ્રી કુલદીપસિંહ રાઉલજી વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા હતા. કુલદીપસિંહ બરોડા ડેરીના ડિરેક્ટર પણ છે. ડેસર એ.પી.એમ.સીનાં પૂર્વ વાઇસ ચેરમેન રહી ચૂક્યા છે અને હાલ ડેસર એ.પી.એમ.સી.ના ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. શ્રી રાવજીસિંહ નટવરસિંહ અમરાપુરા, શ્રી કૈલાશબેન અર્જુનસિંહ ગોહિલ, શ્રી વિક્રમસિંહ પુજાભાઇ મેવલી, શનાભાઈ પરસોતમભાઈ શેરપુરા, રાઠોડ ઠાકોરસિંહ અમરસિંહ, વિક્રમસિંહ રામસિંહ, વિજયસિંહ મહેન્દ્રસિંહ મહિડા, સહિત મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો સાથે રાજીવ ગાંધી ભવન ખાતે વિધીવત રીતે કોંગ્રેસમાં જોડાઇ કોંગ્રેસને જનલક્ષી વિચારધારાને લોકો સુધી પહોંચાડી આગામી વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ જવલંત વિજય મેળવે તે માટે કામ કરશે.

માત્રમાં જાહેરાતોમાં રાચતી ભાજપની બી ટીમ આમ આદમી પાર્ટી પણ વિધાનસભાની ચૂંટણીમાં કેમ કરીને કોંગ્રેસ પક્ષને રોકવી તે માટેની કવાયત કરી રહી હોય તેવુ જણાઈ રહ્યું છે ત્યારે કોંગ્રેસ પક્ષની વિચારધારાની પ્રેરાઇને આણંદ જીલ્લાના આમ આદમી પાર્ટીના હોદ્દેદારશ્રીઓ પણ કોંગ્રેસ પક્ષમાં વિધીવત રીતે જોડાયા હતા. જેમાં આમ આદમી પાર્ટીના આણંદ જિલ્લા પ્રમુખશ્રી કિસાન. સેલ શ્રી રાજેન્દ્રસિંહ (ભરતસિંહ) ચૌહાણ, આણંદ જિલ્લા સહમંત્રી અને ખંભાત વિધાનસભા પ્રભારીશ્રી રણવીરસિંહ ચાવડા, શ્રી કૃતિક કુમાર મકવાણા, શ્રી હાર્દિકસિંહ ગોહેલ, શ્રી પરેશસિંહ ડાભી, શ્રી પઠાણ મોહસીનખાન, શ્રી અબ્દુલમજીદ મિર્ઝા, શ્રી ઝરણાબેન પટેલ, શ્રી તેજસ પટેલ, શ્રી નરોત્તમ મકવાણા, શ્રી રફાવતખાન પઠાણ, શ્રી હસનખાન પઠાણ, શ્રી અમિતભાઈ ચાવડા સહિત મોટી સંખ્યામાં આગેવાનો – કાર્યકર્તાઓ જોડાયા હતા.

રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં ભાજપ અને આપ પાર્ટીમાંથી કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરીને કોંગ્રેસ પક્ષમાં આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખશ્રી પંકજભાઈ પટેલ, વડોદરા જીલ્લા પ્રમુખશ્રી સાગર બ્રહ્મભટ્ટ, ધારાસભ્યશ્રી જસપાલસિંહ પઢીયાર, પૂર્વ ધારાસભ્યશ્રી ભીખાભાઈ રબારી, પ્રદેશ કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશના મહામંત્રીશ્રી સંદિપ માંગરોળા, પ્રવક્તાશ્રી નરેન્દ્ર રાવત, પ્રદેશ મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ, પ્રદેશ મીડીયા પેનાલીસ્ટ શ્રી હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા